# યોગ દિવસે નગરની શાળાઓ યોગમય બની


જે એમ ચૌધરી સાર્વજનિક વિદ્યાલય


રેડિયન્ટ સ્કૂલ


એસ કે પટેલ સ્કૂલ


ચૌધરી નર્સિંગ કોલેજ


ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી


જે બી પ્રાઈમરી સ્કૂલ

વિશ્વ યોગ દિવસની ઉજવણી શાળાઓ દ્વારા અતિ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ ઉપરાંત શિક્ષકો પણ આ ઉજવણીમાં જોડાયા હતા. પ્રાયોગિક યોગ ઉપરાંત યોગનાં નિદર્શન અને યોગના ફાયદા વિષયક વક્તવ્યો જેવા કાર્યક્રમોનું આયોજન આ ઉજવણી અંતર્ગત કરવામાં આવ્યું હતું. સમગ્ર નગરનો માહોલ જાણે યોગમય બની ગયો હોય એટલા ઉત્સાહથી વિદ્યાર્થીઓ, શિક્ષકો શાળાકીય કે જાહેર ઉજવણીના કાર્યક્રમોમાં જોડાયા હતા અને યોગ દિવસની ઉજવણીને દીપાવી હતી.

## જન્મદિને વધામણી


આર ડી ગાંધી


રેખાબેન કામાણી


શ્રેય વિમલભાઈ પટેલ
મો. ૭૮૭૪૮ ૦૮૮૩૫


કુમાર સ્વામી
મો. ૮૯૮૦૮ ૪૬૧૬૭

## સૅક્ટર-૨૯ની બંને સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવની ઉજવણી



સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૯/૧ અને ૨નો પ્રવેશોત્સવ સંયુક્ત રીતે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે હિન્દી પ્રચાર સમિતિના અધ્યક્ષ યુવરાજસિંહ વાઘેલા, રૉટરી ક્લબના પ્રમુખ ભરતભાઈ પટેલ, શિક્ષણવિદ બિપીનભાઈ રાવલ, ટીસીએસસીના ડિરેક્ટર હાર્દિકભાઈ પરીખ, સીઆરસી હિનલબેન પટેલ, સોચ સંસ્થાનાં ડિરેક્ટર તથા ઍસઍમસીના સભ્યો, વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા. બાળકો દ્વારા તમામ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકો દ્વારા દેશભક્તિ ગીત, અભિનય ગીત રજૂ કરવામાં આવ્યું હતું. બાળકોને અભ્યાસ કિટ અને તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યાં હતાં. તમામ વિદ્યાર્થીઓને સીમાબેન રાઠોડ દ્વારા ગણવેશ વિતરણ કરવામાં આવ્યું હતું. આચાર્ય મીનાક્ષીબેન જોષી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

### કેન્દ્રીય હિન્દી નિદેશાલય, નવી દિલ્હી દ્વારા નિર્મિત અને ડૉ. કનૈયાલાલ ભટ્ટ દ્વારા સંપાદિત

## ગુજરાતી-હિન્દી કોષ પ્રગટ થયો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના જાણીતા સર્જક અને કોશકાર ડૉ. કનૈયાલાલ ભટ્ટે સાહિત્ય ક્ષેત્રે એક નવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય વિભાગના કેન્દ્રીય હિન્દી નિદેશાયલ, નવી દિલ્હી દ્વારા હિન્દીના પ્રચાર-પ્રસાર માટે દરેક રાજ્યની સ્થાનિક ભાષા સાથે હિન્દીને જોડીને દ્વિભાષા કોષોનું નિર્માણકાર્ય વિવિધ ભાષાના વિશેષજ્ઞોને બોલાવીને કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત આ કચેરી દ્વારા વર્ષ ૨૦૦૫માં ડૉ. કનૈયાલાલ ભટ્ટને ગુજરાતી-હિન્દી કોશના નિર્માણ પછી ડૉ. ભટ્ટ દ્વારા અન્ય વિદ્વાનોને પસંદ કરી આ કોશ નિર્માણ કાર્ય શરૂ કર્યું હતું. જેમાં ડૉ. કનૈયાલાલ ભટ્ટ અત્યાર સુધી લગભગ ૮૫થી વધુ બેઠકોમાં સહાયક તરીકે, ડૉ. મનોજ જોષીએ ૨૨ જેટલી બેઠકોમાં તથા ડૉ. રૂપા કે ભટ્ટ અને શ્રી ભૂપત ઠાકરે ત્રણ-



ત્રણ બેઠકોમાં હાજરી આપી આખા કોશનું નિર્માણકાર્ય ડૉ. ભટ્ટના માર્ગદર્શનમાં પૂર્ણ કર્યું હતું. ત્યારબાદ આ ગુજરાતી-હિન્દી કોશના પુનરીક્ષણ કાર્ય માટે ડૉ. ભટ્ટ સાથે ડૉ. રમણીકલાલ મારુ ૧૫ જેટલી બેઠકોમાં તથા હર્ષદ ત્રિવેદી અને ગુરુચરણસિંહ (હિન્દી) એક-એક બેઠકમાં ઉપસ્થિત રહી પુનરીક્ષણ કાર્ય પૂર્ણ કર્યું હતું.

આ કોશની ખાસિયત એ છે કે તેમાં મૂળ શબ્દ ગુજરાતી છે. એની વ્યાકરણીક કોટિ, અર્થ-પર્યાયો હિન્દી છે અને ગુજરાતીનું હિન્દીમાં તથા હિન્દીનું ગુજરાતીમાં લિપ્યંતરણ પણ કરવામાં આવ્યું છે. જેથી બંને ભાષાના ભાષકો-ચાહકો તેને સમજી-શીખી શકે. આ કોશમાં મૂળ ગુજરાતીના ૧૮ હજાર જેટલા શબ્દો અને તેના વિવિધ અર્થો, પર્યાયો મળીને એક લાખથી વધુ શબ્દો સમાવાયા છે.

નિદેશક પ્રો. અવનીશ કુમાર, સહાયક નિદેશખ ડૉ. રાકેશકુમાર, સહાયક અનુસંધાન અધિકારી ડૉ. શાલિની રાજવંશ, ડૉ. કિરણ ઝા, હર્ષા નાઈકે ઉત્તમ કામગીરી બજાવીને આ કોશના પ્રકાશનને ગૌરવપ્રદ બનાવ્યું હતું.

### યોજના પ્રત્યેક રાજ્યના માત્ર બે-બે જિલ્લામાં લાગુ થશે

## વૃદ્ધોનો સહારો બનશે સરકાર : ૨૯૨ જિલ્લામાં શરૂ થશે 'વયોશ્રી' યોજના

ગાંધીનગર, તા.૨૨

વૃદ્ધોને સરકાર હવે બેસહારા નહીં છોડે. સરકારે વૃદ્ધો માટે શરૂ કરેલી 'વયોશ્રી' યોજનાને લાભ દેશના તમામ વૃદ્ધો સુધી પહોંચાડવાનો નિર્ણય લીધો છે. આ હેઠળ પ્રથમ તબક્કામાં યોજનાનો વિસ્તાર ૨૯૨ જિલ્લા સુધી વધશે. અત્યાર સુધી આ યોજના પ્રત્યેક રાજ્યના માત્ર બે–બે જિલ્લામાં જ લાગુ છે. યોજનામાં સામેલ કરાયેલા નવા જિલ્લાઓમાં તમામ પછાત જિલ્લા સહિત એસસી/એસટીની વધુ વસતીવાળા જિલ્લાને સામેલ કરવામાં આવ્યા છે. વૃદ્ધો માટે શરૂ કરવામાં આવેલી આ યોજના હેઠળ સરકાર વધી રહેલી ઉમર સાથે તેના સ્વાસ્થ્ય સાથે જોડાયેલી જરૂરિયાતોને પૂરી કરે છે. આ હેઠળ તેને ચશ્મા, લાકડી, ટ્રાઈસિકલ, ટ્રાઈ મોટર અને સાંભળવાનું મશીન વગેરે આપવામાં આવશે. હવે લોકસભા ચૂંટણીને એક વર્ષનો સમય બાકી છે તેથી સરકાર આ પાસાને પણ નજરઅંદાજ કરવા માગતી નથી. આ યોજના દ્વારા સરકાર એ પરિવારો લોકપ્રિયતા વધારી શકશે. આ જ કારણ છે કે આગામી છ મહિનાની અંદર ૧૦૦ જિલ્લામાં યોજનાને પહોંચાડવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.

## પ્રેરણા વિદ્યાલય ખાતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૨

પ્રેરણા વિદ્યાલય ખાતે ગુરુવારે ધોરણ-૧ના વિદ્યાર્થીઓના શાળા પ્રવેશ પ્રસંગે પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોને રંગબેરંગી ટોપીઓ પહેરાવી, કુમકુમ તિલક કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાની બાળાઓ દ્વારા પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગરસેવક રાકેશભાઈ પટેલ અને કોકિલાબેન પટેલના સહયોગથી સૌ બાળકોને શિક્ષણની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી નરેશભાઈ શાહ, આર એમ પટેલ, માધ્યમિક વિભાગના આચાર્ય મનીષભાઈ ખત્રી, પ્રાથમિક વિભાગના આચાર્ય મહેશભાઈ પટેલ અને સૌ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ બાળકોને આશિષ પાઠવી તેમનું મોં મીઠું કરાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રગિતાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

## ધો.૧૨માં પુનઃ મૂલ્યાંકન પૂર્ણ ન થતાં ડિગ્રી ઈજનેરી પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ ચિંતામાં

ગાંધીનગર, તા. ૨૨

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે ફોર્મ ભરવાની અને રજિસ્ટ્રેશન કરવાની મુદત પૂર્ણ થઈ ચુકી છે. બીજી બાજુ ધો.૧૨ સાયન્સમાં રિ-ચેકિંગ અને રિ-એસેસમેન્ટ માટે જે વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા છે તેની પ્રક્રિયા હાલમાં ચાલુ છે. આગામી તા.૨૮મીએ આ કાર્યવાહી પૂર્ણ થાય તેમ છે. બીજીબાજુ ડિગ્રી એન્જિનિયરિંગ માટે ફાઈનલ ચોઈસ ફિલિંગ કરવાની પ્રક્રિયા પણ તા.૨૮મીએ પુરી થાય તેમ છે. આ સ્થિતિમાં જે વિદ્યાર્થીઓના માર્કસમાં સુધારો થાય તેઓને રજિસ્ટ્રેશન કરવામાં અથવા તો ચોઈસ ફિલિંગ કરવામાં મુશ્કેલી ઉભી થાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

ધો.૧૨ સાયન્સનુ પરિણામ નીચું આવતાં અનેક વિદ્યાર્થીઓએ રી-ચેકિંગ અને પુનઃ અવલોકન માટે દરખાસ્ત કરી છે. સામાન્ય રીતે ડિગ્રી એન્જિનિયરિંગની પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા રિ-ચેકિંગ અને પુનઃઅવલોકન માટે કરેલી દરખાસ્તના જવાબો આવી જતાં હોય છે. પરંતુ આ વખતે હજુસુધી જવાબો આવ્યા નથી. સૂત્રો કહે છે રી-ચેકિંગની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે પરંતુ રિ-એસેસમેન્ટ એટલે કે ફરીવાર ઉત્તરવહીઓ ચકાસણી કરવાની પ્રક્રિયા હવે શરૂ થવાની છે. આગામી તા.૨૮મી સુધીમાં બોર્ડ દ્વારા તમામ વિદ્યાર્થીઓને જવાબ આપવામાં આવે તેવી શકયતા છે. પરંતુ આવતીકાલે ડિગ્રી એન્જિનિયરિંગમાં મોક રાઉન્ડનું પરિણામ જાહેર થવાનું છે. જેના બીજા દિવસે ફાઈનલ રાઉન્ડ માટેની ચોઈસ ફિલિંગની પ્રક્રિયા શરૂ થવાની છે. આ પ્રક્રિયા તા.૨૮મીએ પુરી કરી દેવામાં આવશે. આમ, રિ-ચેકિંગ અને રિ-એસેસમેન્ટના જવાબ વિદ્યાર્થીઓને મળે ત્યાં સુધીમાં ફાઈનલ રાઉન્ડ માટેની ચોઈસ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હશે. જે વિદ્યાર્થીઓને પુનઃમૂલ્યાંકનની પ્રક્રિયામાં માર્કસમાં વધારો થાય તેઓએ સુધરેલા માર્કસના આધારે ચોઈસ ફિલિંગ કરવાની તક ગુમાવવી પડશે. આ ઉપરાંત નિયમ પ્રમાણેના ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે ફોર્મ ભરવાના માર્કસ ધરાવતાં ન હોય અને ઉત્તરવહી પુનઃમૂલ્યાંકનમાં જો તેના માર્કસમાં વધારો થાય અને તે પ્રવેશ માટે લાયક બને તો પણ તા.૨૮મીએ પ્રક્રિયા પૂર્ણ થવાના કારણે આવા વિદ્યાર્થીઓએ ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટેની તક ગુમાવવી પડે તેમ છે.

## મારે હવે ઘેરબેઠાં કરી શકાય એવી નોકરી જોઈએ છે

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રો ના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમ માં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' એ એક કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ છે કે જ્યાં તમે મન માં આવતા કારકિર્દી વિષયક પ્રશ્નો પૂછી શકો છો. અમારા કારકિર્દી વિશેષજ્ઞ શ્રી હાર્દિક પરીખ તમને તમારા પ્રશ્નો નું સચોટ નિરાકરણ પૂરું પાઠવે છે.

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

આજે ફરી કેટલાક ગાંધીનગર ના યુવાનો ના પ્રશ્નો ને પ્રકાશ માં લાવવાનો પ્રયાસ 'કરિયર કોર્નર' કૉલમ હેઠળ કર્યો છે અને જો તમને પણ કોઈ કારકિર્દી વિષયક પ્રશ્ન હોય તો તમે જરૂર અમને વ્હોટ'સ એપ કે ઈ-મેઈલ કરી શકો છો.

**પ્રશ્ન-૧ મારુ નામ રીટા પટેલ છે. મેં સિક્કિમ મણિપાલ યુનિવર્સીટી માંથી ડીસ્ટન્ટ પાર્ટ ટાઈમ MBA કરેલ છે. મારે હવે ઘેર બેઠા કરી શકાય એવી નોકરી જોઈએ છે. શું એ શક્ય છે? કેવી રીતે?**

જવાબ – રીટા, અમને તમારા પ્રશ્ન નો ઉત્તર આપવામાં ખુશી થશે. તમે સ્મ્છ કરેલ છે એ જાણી ને આનંદ થયો. ઘેર બેઠા પાર્ટ ટાઈમ નોકરી શોધવા સૌ પ્રથમ તમારે કયા ક્ષેત્ર માં કામ કરવું છે એ નિર્ધારિત કરવું આવશ્યક છે. જેમ કે તમે ટાઈપિંગ માં અસાઈન્મેન્ટ લઈ શકો છો. તમારું અંગ્રેજી સારું હોય તો અંગ્રેજીથી ગુજરાતી તેમજ ગુજરાતી થી અંગ્રેજીના ટ્રાન્સલેશન કરવાનું કામ કરી શકો છો. નાના સ્કૂલ ના બાળકો નું ટ્યુશન લઈ શકો છો. જો તમને રસોઈ બનવા નો શોખ હોય તો તમે કોઈ કોર્સ કરી ને પોતે જ એને વેચી શકો છો. જેમ કે હાલ માં ઘણી બધી ગૃહિણી ઓ જાત જાત ની કેક બનાવતાં શીખે છે. પછી બર્થ ડે પર કે કોઈ વાર તહેવાર ના દિવસો એ પોતે જ ઓર્ડર લઈ ને કેક બનાવી આપે છે. આ એક સરસ આર્થિક ઉપાર્જન નો રસ્તો તેમને શોધી કાઢ્યો છે. કેમ કે તમે એક સ્મ્છ છો, તમે થોડું આગળ વિચારી ને તમારી કેક ઑન-લાઈન પણ સેલ કરી શકો છો. તમે ગૂગલ બ્લોગ લખી શકો છો. જો તમે



સારો બ્લોગ લખો છો તો ગૂગલ એડસેન્સ દ્વારા એમાંથી પણ પૈસા કમાઈ શકો છો. આ ઉપરાંત ઘણા બધા જોબ-પોર્ટલ્સ ઉપર તમારો બાયો-ડેટા અપડેટ કરવાથી પણ ફાયદો થશે. અહીં તમે ઘરે બેઠા કામ કરવા માંગો છો એવું સ્પષ્ટ પણે લખવું.

**પ્રશ્ન- ૨ : મારુ નામ યશ્વીની છે. હું બારમાં ધોરણ માં કોમર્સ વિભાગમાં અભ્યાસ કરું છું. મને મારા ભણવાનાં 'ટાઈમ મેનેજમેન્ટ' વિષે માર્ગદર્શન આપો કે જેથી હું બધું જ વાંચવાનું સમયસર પૂરું કરી શકું.**

જવાબ- યશ્વીની, તમે એક ખૂબ સરસ પ્રશ્ન પૂછ્યો છે. મને ખાતરી છે કે આ માત્ર તમારો જ નહિ, પરંતુ તમારા જેવા બીજા ઘણા બધા વિદ્યાર્થી ઓ ને સતાવતો પ્રશ્ન છે. સૌથી વધારે મહત્વ ના અઘરા લાગતા મુદ્દાઓ ને સૌથી પહેલા એટલે કે સવાર ના સમય માં પુરા કરવા કે જેથી તાજણી પૂર્ણ દિમાગ જલ્દી થી એ મુદ્દા ઓ પર કામ કરી શકે. ઓછા સમય માં વધારે કામ થઈ શકે. 'ટાઈમ મેનેજમેન્ટ' વિષે ની વાત કરતા હું હંમેશા 'ઈટ થેટ ફ્રોગ' વિષે વાત કરતો હોઉં છું. સંક્ષિપ્ત માં કહું તો એ બીજું કઈ નહિ પરંતુ અગરુ લાગતું કામ દિવસ ની શરૂઆત માં કરવું એની



સમજ છે. સમય સાચી દિશામાં વાપરવો ખુબ આવશ્યક છે. સમય નો સદુપયોગ એ તમારી સમસ્યા નું નિરાકરણ છે. દરરોજ સવારે તમે શું કરવા માંગો છો તે નક્કી કરો. પેપર પર 'ટુ-ડુ લિસ્ટ' બનાવો. સૂચિ ગોઠવો અને યોજના બનાવો. યોજના પ્રમાણે વાંચવાનું ચાલુ કરો. જે વિચાર્યું છે એ વાંચન પૂર્ણ ન થાય ત્યાં સુધી ઉંઘવાનું નહીં. ટ્યૂશન એન્ડ શાળાની નાની મોટી બધી જ ટેસ્ટ આપવી. રોજ નું રોજ વાંચવાનું પૂરું કરવું. રોજ નું રોજ વાંચવાનું પૂરું કરવું. જે જે સ્કૂલ માં કે ટ્યુશન માં ચાલે એ બધું તે જ દિવસે યાદ કરી લેવાની ટેવ પોતાની જાત ને પાડવી. સવારે ૫:૦૦ વાગે ઉઠો અને શાળા એ જતા પહેલા ૧ કલાક વાંચો. ૧૫-૨૦ મિનીટ નો પણ સમય ક્યાંક મળે તો તેનો ઉપયોગ કરવો. રાત્રે સુતા પહેલા એટલી ખાતરી કરવી કે આજનું કાર્ય પૂર્ણ છે. જો ના થયું હોય તો કાલે જ પરીક્ષા છે એમ માની ને વાંચતા રહેવું. આટલુ કરી જુઓ. તમને પોતાને જ ફરક જણાશે. તમારી સમસ્યા દૂર થશે અને અભ્યાસ પ્રતિ આત્મવિશ્વાસ વધશે. ટૂંક માં આવતી કાલે જ પરીક્ષા છે એમ માની ને રોજ વાંચવું અને નિર્ધારિત કરેલ મુદ્દાઓ પર તૈયારી પૂર્ણ ન થાય ત્યાં સુધી ઊંઘી ન જવું. સ્વામી વિવેકાનંદ નું એક વાક્ય મને અહીં યાદ આવે છે કે 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ ના થાય ત્યાં સુધી મંડ્યા રહો'. આશા છે કે તમે જવાબ થી સંતુષ્ટ થયા હશો.આ ઉપરાંત પણ તમને વધુ જાણકારી જોઈએ તો તમે અમને ઈમેઈલ ક વ્હોટ્સ એપ કરી શકો છો.

**પ્રશ્ન-3 : મારુ નામ જિનલ બ્રમભટ્ટ છે. હું ધોરણ ૧૨ સાઇન્સ પાસ કરી ચૂકી છું. હવે આગળ મારે CLAT ની પરીક્ષા આપવાનો વિચાર છે. મારા વાલીઓ ની સલાહ પણ એજ છે. પણ મને આયુર્વેદિક ડોક્ટર બનવાનો પણ વિચાર આવે છે ? શું કરવું હિતાવહ છે?**

જવાબ- જિનલ તમારો પ્રશ્ન વ્યાજબી છે. સાઈન્સ પછી તમે ઝન્છ્ ની પરીક્ષા આપી શકો છો. આયુર્વેદ પણ એક ખૂબ સરસ વિકલ્પ છે. શું નક્કી કરવું તે તમારા રસ ઉપર જાય છે. બંને ક્ષેત્રોમાં સ્કોપ ખૂબ સારો છે. આયુર્વેદની વાત કરીએ તો તેનું ભવિષ્ય ખૂબ ઉજ્જવળ દેખાય છે. મ્છસ્જી તમે કોઈ સારી કોલેજમાં થી કરશો તો ભવિષ્ય ખૂબ ઉજ્જવળ છે. CLAT ની પરીક્ષા થી તમે BA LLB , BCom LLB અને BSc LLB જેવા કોર્સ કરી શકો છો. BSc LLB એ એક ખૂબ સારો વિકલ્પ છે આપના જેવા સાઈન્સ ના વિદ્યાર્થીઓ માટે. ગુજરાત ના વિદ્યાર્થીઓ માટે અમુક ચોક્કસ સીટ રિજર્વ્ડ હોય છે GNLU કોલેજ માં, જે ભારત ની પ્રતિષ્ઠિત લૉ કોલેજમાં થી એક છે. આમ બંને વિકલ્પ સારા છે અને હવે આગળ તમને જે વિષયમાં વધારે રસ પડે તે તમે પસંદ કરી શકો છે. તમને તમારી તૈયારીઓ માટે ખૂબ ખૂબ શુભકામનાઓ.



આપના કરિયર ને લગતી મૂંઝવણો અને પ્રશ્નો What's aap કે Email ધ્વારા પૂછી શકો છો.

ઈmail ID- questions.careercroner@gmail.com
(M) ૮૮ ૪૯ ૨૨ ૧૬ ૫૩,

નોંધ – તમારા પ્રશ્નો સાથે તમારુ નામ,ઉંમર, અભ્યાસ, ઈmail-ID અને મોબાઈલ નંબર લખવો આવશ્યક છે.